ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380009.

નં.આર./ 51594/૨૦૧૮

તા. ૦૧.૧૦.૨૦૧૮
3

પ્રતિ

પ્રિન્સીપાલશ્રી/ટેબલેટ યોજના નોડલ ઓફિસરશ્રી,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો અને સંસ્થાઓ.

વિષય: ટેબલેટની ફી કોલેજ દ્વારા જમા કરવા બાબત

સંદર્ભ: (૧) ગુજરાત યુનિ. પરિપત્ર: આર/૫૧૩૭૩/૨૦૧૮, તા.૧૭/૦૯/૨૦૧૮,

(૨) સંયુક્ત નિયામકશ્રી, શિક્ષણ વિભાગનો પરિપત્ર ડીટીઈ/ટેબલેટ/પરિપત્ર/૨૦૧૮-૧૯/૧૩૭૦૪, તા.૦૫/૦૯/૨૦૧૮

શ્રીમાન,

કુશળ હશો.

માનનીય ગુજરાત સરકાર શ્રી દ્વારા જાહેર કરેલ ટેબલેટ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ માટે ટેબલેટ વિતરણની કામગીરી આપશ્રી દ્વારા આપની કોલેજ આ વર્ષે પ્રથમ વર્ષ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ લીધેલ હોય તેવા વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦/- (રૂપિયા એક હજાર પૂરા)ની ટોકન ફી લઈને ટેબલેટ આપવાની કામગીરી શરૂ થયેલ છે. જે અંતર્ગત દરેક કોલેજે ટેબલેટ લેવા માટે ઇચ્છુક વિદ્યાર્થીઓની વિગતો ઓનલાઇન https://www.digitalgujarat.gov.in પોર્ટલ પર કોલેજના લોગિન દ્વારા ભરી અને તેમની જમા થયેલ ફી આ સાથે સામેલ કોટક બેંકની ડિપોઝીટ સ્લીપમાં કોલેજની માહિતી ભરીને આપની નજીકની કોટક બેંકમાં જમા કરાવવાની રહેશે.

આ રકમ જમા થયેથી તેમજ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓની વિગતો ઓનલાઇન https://www.digitalgujarat.gov.in પોર્ટલ પર સબમિટ થયા બાદ આપશ્રીને નિયત દિવસે આપના દ્વારા રજીસ્ટર થયેલ ટેબલેટ યુનિવર્સીટી ખાતેથી લઈ જવા માટે જણાવવામાં આવશે. જે લેતી વખતે આપશ્રીએ આ મુજબનાં પત્રો સાથે લઈને આવવાનું રહેશે.

1. કોલેજનાં પ્રિન્સીપાલનો ઓથોરીટી લેટર, સહી અને સિક્કા સાથે
2. ટેબલેટ લેવા આવનાર સ્ટાફનું આઈડી પ્રૂફ
3. ઓનલાઇન https://www.digitalgujarat.gov.in ભરેલ વિદ્યાર્થીઓનું લીસ્ટ પ્રિન્સીપાલની સહી અને સિક્કા સાથે
4. કોટક બેંકની યુનિવર્સીટીમાં જમા કરાવવાની ઓરીજીનલ ડીપોસીટ સ્લીપ
5. ટેબલેટના બોક્ષ લઈ જવા માટે વાહન

આપનો વિશ્વાસુ

કા. કુલસચિવ